### નરોડા ગામના ૨૦૦૨ના રમખાણ કેસમાં વિશેષ અદાલતનો ચુકાદો

# નરોડા પાટીયા કેસના ૬૯ આરોપી નિર્દોષ

## વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડના પડઘા નરોડા ગામમાં પણ પડ્યા હતા અને તોફાનો ફાટી નિકળતાં ૧૧ લોકોનાં મોત થયા હતા

અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં નરોડા ગામના ૨૦૦૨ના રમખાણ કેસમાં આજે વિશેષ અદાલતે ચુકાદો સંભળાવ્યો છે. ૧૦૦થી વધુ દસ્તાવેજી પુરાવાની તપાસ કરવામાં આવી હતી. કોર્ટ રૂમમાં આરોપીઓની હાજરી લેવાઈ હતી. જેમાં બે આરોપીઓ ગેરહાજર હોવાનું સામે આવ્યું હતું. કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. પૂર્વ મંત્રી માયા કોડનાની, બાબુ બજરંગી, જયદીપ પટેલ સહિત ૬૯ આરોપી નિર્દોષ જાહેર કરાયા છે. ૨૧ વર્ષ બાદ કોર્ટનો ચુકાદો આવ્યો.

અમદાવાદમાં નરોડા ગામમાં પણ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. નરોડા પોલીસ સ્ટેશનના ૭૦ જેટલા પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. ગોધરાકાંડ બાદ વર્ષ ૨૦૦૨નાં રમખાણોમાં નરોડા ગામ હત્યાકાંડ મામલે સુપ્રીમ કોર્ટ રચિત ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા કોર્ટમાં કેસની અંતિમ દલીલો પૂર્ણ થઈ ચૂકી છે. નરોડા ગામ હત્યાકાંડ કેસમાં પોલીસે જે-તે સમયે ૭૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. એમાં પૂર્વ મંત્રી માયા કોડાનાની સહિત ૬૯ આરોપી સામે સ્પેશિયલ કોર્ટ આજે ચુકાદો સંભળાવ્યો.

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસમાં અયોધ્યાથી પરત ફરી રહેલા કારસેવકોના ડબ્બામાં પેટ્રોલ નાખીને તેમને જીવતા સળગાવી નાખવામાં આવ્યા હતા. તેના પ્રત્યાઘાતરૂપે ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતાં.આ મુદ્દે નરોડા પોલીસ સ્ટેશનમાં ૯૮/ ૨૦૦૨ નંબરની ફરિયાદ એફઆઈઆરનોંધાઈ હતી. જેમાં પોલીસે ૨૮ જેટલા આરોપીઓને પકડીને તેમના પર ગુનો દાખલ કર્યો હતો. પાછળથી આ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. એમાં અન્ય આરોપીઓની ધરપકડ કરાઈ હતી. બાદમાં અન્ય ૫૦ આરોપીની ધરપકડ થઈ હતી.

વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા તોફાનો દરમિયાન નરોડા ગામમાં થયેલા હત્યાકાંડ મામલે સેશન્સ કોર્ટે આજે ૨૧ વર્ષ બાદ ચુકાદો આપ્યો છે. સેશન્સ કોર્ટે આ મામલે તમામ આરોપીને નિર્દોષ છોડી મૂક્યા છે. આ હત્યાકાંડમાં ૧૧ લોકોને જીવતા સળગાવી દેવાયા હતા. જેમાં પોલીસે તબક્કાવાર ૮૬ લોકોની ધરપકડ કરી હતી. જેમાંથી ૬૮ લોકો હાલમાં જીવિત છે. નિર્દોષ જાહેર થનારાઓમાં બાબુ બજરંગી અને માયા કોડનાનીનો પણ સમાવેશ થાય છે. ચુકાદો આવતા જ આરોપીઓના સમર્થકોએ કોર્ટની બહાર ફટાકડા ફોડી ઉજવણી કરી હતી આજે આ કેસનો ચુકાદો આવવાનો હોવાના પગલે ભદ્ર કોર્ટની બહાર અને નરોડા ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આ કેસમાં ૧૮૭ સાક્ષીઓના નિવેદન લેવામાં આવ્યા હતા. આ કેસનો ચુકાદો ૨૧ વર્ષ અને ૪૧ દિવસ બાદ આવ્યો છે.

વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડના પડઘા અમદાવાદના નરોડા ગામમાં પણ પડ્યા હતા અને સવારે ૧૦ વાગ્યાની આસપાસ પથ્થરમારો થયો હતો. તે પછી બપોરે ૧૨ વાગ્યાની આસપાસ આગચંપીના બનાવો બન્યા હતા અને રાત થતા સુધીમાં તો તોફાનો ફાટી નીકળ્યા હતા. આ તોફાનોમાં ૪ મહિલાઓ સહિત ૧૧ લોકોની હત્યા કરવામાં આવી હતી.




## વડવાઓની માભોમ પર પગ મૂકતાં જ તમિલ પરિવારોના મન મોર બની નાચી ઉઠ્યા

ગાંધીનગર, તા.૨૦



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ સંકલ્પના સૌરાષ્ટ્ર તમિલ સંગમ થકી સાકાર બની રહી છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં આજે ચોથા દિવસે વેરાવળ રેલવે સ્ટેશન ખાતે મદુરાઈથી આશરે ૩૦૦ જેટલા સૌરાષ્ટ્રીયન તમિલ પરિવારો આવી પહોંચ્યા હતા. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવની ધરતી પર પધારેલા તમિલ પરિવારોને આરોગ્ય અને પરિવાર કલ્યાણ કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી ડો.ભારતી પ્રવિણ પવાર, રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્ય ઉદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ અને પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુળુભાઈ બેરાએ મીઠેરો આવકાર આપી તેમને વધાવી લીધા હતા. વેરાવળ રેલવે સ્ટેશન ખાતે તમિલ પરિવારોએ પગ મૂકતાં જ સમગ્ર વાતાવરણ ઢોલ નગારાના હર્ષ નાદ અને શરણાઈના સૂરથી સુરમયી અને આનંદિત બની ગયું હતું. તમિલનાડુથી પધારેલા મોંઘેરાને મહેમાનોને કંકુ ચોખાના તિલક કરી પુષ્પોથી વધાવ્યા હતા. પિતૃઓની પાવન ભૂમિ પ્રભાસતીર્થ પર પગ મૂકતાં જ તમિલ પરિવારોના મન જાણે મોર બની નાચી ઊઠ્યા હતા. પારંપારિક ગુજરાતી સંગીતના તાલે ગરબા લઈ તેઓ આનંદિત બન્યા હતા અને સોમનાથની પાવન ભૂમિને દંડવત પ્રણામ કર્યા હતા.



પધારલે તમિલ પરિવારો સાથે રેલવે સ્ટેશન ખાતે વાર્તાલાપ કરતા મંત્રીશ્રી ભારતી પવારે જણાવ્યું હતું કે, સોમનાથની ધરતી પર પગ મૂકતાં મેં આજે ઘણા તમિલ પરિવારોની આંખોમાં ખુશીના આંસુ જોયા, જે દર્શાવે છે ભાષા ભલે અલગ, ભૂષા ભલે અલગ પણ મન એક છે. તમે ખાતા ધરાશો પણ અહીંના લોકો તમને ખવડાવતા નહીં થાકે એ અહીંની સંસ્કૃતિ છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અન્વયે નરેન્દ્રભાઈ મોદીએ આ સંસ્કૃતિને ઉજાગર કરી છે. આપણે આપણી આ એકતાનો સંદેશો વિશ્વને દેવાનો છે. વધુમાં તેમણે સૌ તમિલ બંધુઓને આ ઐતિહાસિક ક્ષણની વધામણીઓ આપી હતી.

# રાજ્યભરમાં Y-20 (Youth 20)નું ભવ્ય આયોજન

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા. ૨૭મી એપ્રિલે અમદાવાદ ખાતેથી Y-20 ગુજરાત સંવાદ’ કાર્યક્રમનો ભવ્ય શુભારંભ કરાવશે : મંત્રી શ્રી હર્ષ સંઘવી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના યુવાઓ માટે રાજયભરમાં Y-20 (Youth 20)નું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા. ૨૭મી એપ્રિલે અમદાવાદ શહેર ખાતેથી Y-20 ગુજરાત સંવાદ’ કાર્યક્રમનો ભવ્ય શુભારંભ કરાવશે. આ કાર્યક્રમમાં સક્રિયતાથી ભાગ લેવા માટે આજે ગાંધીનગર ખાતેથી યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવી દ્વારા એક ખાસ મોબાઈલ નંબર ૮૪૦૧૪૦૦૪૦૦ જાહેર કરવામાં આવ્યો છે, જેમા મિસ કોલ કરીને રજીસ્ટ્રેશન કરી શકાશે. તે ઉપરાંત Y-20 ગુજરાત સંવાદ’ કાર્યક્રમના પોસ્ટરનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યુ છે.

યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો તથા દૂરંદેશી નેતૃત્વ થકી જી-૨૦નું પ્રતિનિધિત્વ ભારત કરી રહ્યું છે તે માત્ર ગુજરાત માટે જ નહિ, પરંતુ સમગ્ર દેશ માટે ગર્વની વાત છે.

તેમણે ઉમેર્યુ કે, જી-૨૦ને પરિણામે બી-૨૦, વાય-૨૦ સહિત વિવિધ ગ્રુપના મહત્વના વિષયોની ચર્ચા તથા આવનારા વર્ષોના બેસ્ટ વિઝન માટે બેઠકો યોજી તેના આયોજન માટે ગુજરાતમાં અનેક કાર્યક્રમો યોજવાના અવસર પ્રાપ્ત થયા છે. તેને કારણે જ મહત્વના વિષયો પર મહત્વપૂર્ણ નિર્ણય લેનાર મહાનુભાવો આજે ગુજરાતના મહેમાન બન્યા છે. જી-૨૦ થકી ગુજરાતના લોકો, ગુજરાતનો વિકાસ અને ગુજરાતની સંસ્કૃતિને જાણવાનો પણ આ મહાનુભાવોને અવસર પ્રાપ્ત થયો છે. મંત્રીએ




વધુમાં કહ્યુ કે, ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની તથા માર્ગદર્શનમાં ગુજરાતના વધુને વધુ યુવાઓ Youth-20ના ગુજરાત સંવાદ કાર્યક્રમમાં જોડાય તે માટે આયોજનો કરવામાં આવ્યા છે. જેના થકી રાજ્યના યુવાનોને દેશ માટે જરૂરી મંતવ્યો આપી દેશના વિકાસમાં સહભાગી થવાનો મોકો મળશે. રાજ્યના પાંચ લાખથી વધુ યુવાનોને જોડવામાં આવશે. રાજ્યના દરેક તાલુકા, નગરપાલિકા અને શહેરોના યુવાનો ભાગ લે અને છેવાડાના યુવા સુધી પહોંચી શકાય તે મુજબ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં ૧૦૫ નગરપાલિકા, ૨૨૫ તાલુકા અને ૮ મહાનગરપાલિકા મળી કૂલ ૩૩૮ સ્થળોએ આ કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યા છે અને આ કાર્યક્રમો ૪૫ દિવસ સુધી ચાલશે.

## ગુજરાત વિદ્યાપીઠ મંડળમાં બે નવા ટ્રસ્ટી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ક્રિષ્ના કુલકર્ણીની વરણી

અમદાવાદ, તા.૨૦

ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે ગુજરાત વિદ્યાપીઠ પરિસર, અમદાવાદમાં યોજાઈ હતી. ગુજરાત વિદ્યાપીઠ મંડળમાં સામાજિક સમરસતાના હિમાયતી, કૃષિ અને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા ગુજરાતના પૂર્વ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા અને આઈ.આઈ.એમ. કોલકત્તાના બોર્ડ ઓફ ગવર્નન્સના અધ્યક્ષ, પૂજ્ય ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સભ્ય અને પૂજ્ય ગાંધીજીના પૌત્રી સુમિત્રાબેન કુલકર્ણીના પુત્ર શ્રી ક્રિષ્ના કુલકર્ણીની ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મંડળની બેઠકને સંબોધન કરતાં કહ્યું હતું કે, વિશ્વ ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે. આવા વાતાવરણમાં ગુજરાત વિદ્યાપીઠનું મહત્વ વધે એ માટે પ્રતિદિન નવા સંશોધનો સાથે પ્રગતિ કરવી પડશે. વિદ્યાર્થીઓ સમયની સાથે તાલ મિલાવી શકે એવું શિક્ષણ આપવું પડશે, અન્યથા ગુજરાત વિદ્યાપીઠ માત્ર એક ઈમારત જ રહી જશે, જેનો કોઈ અર્થ નથી. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જે ઉદ્દેશો સાથે આ સંસ્થાની સ્થાપના કરી હતી એ જ ઉદ્દેશોની આજે સમાજને આવશ્યકતા છે.

## બે દિવસ બાદ ગુજરાતમાં ૨થી ૩ ડિગ્રી તાપમાન વધશે

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી ૫ દિવસ સૂકું વાતાવરણની આગાહી કરી છે. એટલે કે રાજ્યના તાપમાનમાં ત્રણ દિવસ બાદ ૨-૩ ડિગ્રીનો ઘટાડો થશે. અમદાવાદમાં આગામી ૩ દિવસ બાદ ૪૧થી ૪૨ ડીગ્રી થશે. ૨૩ અને ૨૪ એપ્રિલે અમદાવાદમાં યલો એલર્ટની શક્યતા દર્શાવવામાં આવી છે. આજે ઉત્તર ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. આજે અમદાવાદમાં ૪૦.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

જ્યારે પોરબંદર અને વેરાવળમાં મહત્તમ તાપમાન ૫ ડીગ્રી વધુ નોંધાયું છે.હવામાન વિભાગ ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છેકે, હજી પણ ખેડૂતોના માથે માવઠાંનું સંકટ યથાવત રહેશે. આગામી ૨૪ કલાકમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

## તલાટી પરીક્ષા માટે ૮.૬૫ લાખ ઉમેદવારોએ સંમતિપત્રક ભર્યા

ગાંધીનગર, તા.૨૦

તલાટીની ભરતી પરીક્ષા માટેના સંમતિ પત્રક ભરવાનો સમય પૂર્ણ થઈ ગયો છે. આ અંગે માહિતી આપતા અધ્યક્ષ હસમુખ પટેલ જણાવ્યું કે જે ઉમેદવારોએ સંમતિ પત્રક ભર્યા છે તેઓ જ આગામી સમયમાં કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.

વધુમાં તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં ૧૭ લાખથી વધુ લોકોએ તલાટીની પરીક્ષા માટેના ફોર્મ ભર્યા હતા તેમાંથી ૮ લાખ ૬૫ હજાર ઉમેદવારોએ સંમતિ પત્રક ભર્યા છે. બાકીના લોકોને પરીક્ષાની ફી પરત આપવામાં આવશે નહીં તેવી પણ તેમણે સ્પષ્ટતા કરી છે. આ સાથે નવી વ્યવસ્થાને સ્વીકારવા બદલ હસમુખ પટેલે ઉમેદવારોનો આભાર પણ વ્યક્ત કર્યો છે. અગાઉ ૧૮ એપ્રિલે હસમુખ પટેલે જણાવ્યુ હતુ કે તમામ ઉમેદવારો ૨૦ એપ્રિલ સુધીમાં સંમતિપત્ર ભરી દે. જેમણે સંમતિપત્ર નહીં ભર્યુ હોય તેવા ઉમેદવારો પરીક્ષામાં બેસી નહીં શકે. જો કે તેમણે સ્પષ્ટતા કરી હતી કે પરીક્ષાકેન્દ્ર પર આ સંમતિપત્રકને લાવવાની જરૂર નથી. કોલલેટર ૭થી૮ દિવસ પહેલા ડાઉનલોડ થઈ શકે તેવી વ્યવસ્થા કરી રહ્યા છીએ. સંમતિપત્ર ભરાયા બાદ કેટલા ઉમેદવારો પરીક્ષા આપવાના છે તેને ધ્યાને રાખી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

## મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડનું પ્રારંભિક જાહેર ભરણું ૨૫મીએ ખૂલશે

અમદાવાદ, એપ્રિલ ૨૦

મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડ (કંપની) ૪૦,૦૫૮,૮૪૪ ઈક્વિટી શૅર માટે પ્રારંભિક જાહેર ભરણાની ઑફર કરે છે, જે મંગળવાર, એપ્રિલ ૨૫, ૨૦૨૩ના રોજ ખૂલશે. આવેદન/ ઑફર બંધ થવાની તારીખ ગુરુવાર, એપ્રિલ ૨૭, ૨૦૨૩ છે. એંકર ઈન્વેસ્ટર માટે આવેદનની તારીખ જાહેર ભરણું ખૂલવાની તારીખના એક દિવસ પહેલાં એટલે કે એપ્રિલ ૨૪, ૨૦૨૩ રાખવામાં આવી છે.

પ્રાઈસબેન્ડ ઑફર પ્રતિ ઈક્વિટી શૅર ૧,૦૨૬થી ૧,૦૮૦ નિર્ધારિત કરવામાં આવી છે. આવેદન ઓછામાં ઓછા ૧૩ ઈક્વિટી શૅર માટે અને ત્યારબાદ ૧૩ના ગુણાંકમાં કરી શકાશે.

૪૦,૦૫૮,૮૪૪ ઈક્વિટી શૅરની ઑફરમાં રમેશ જુનેજા દ્વારા ૩,૭૦૫,૪૪૩ ઈક્વિટી શૅર, રાજીવ જુનેજા દ્વારા ૩,૫૦૫,૧૪૯ ઈક્વિટી શૅર, શીતલ અરોરા દ્વારા ૨,૮૦૪,૧૧૯ ઈક્વિટી શૅર (સામૂહિક રીતે પ્રમોટર સેલિંગ શૅરધારકો); કેર્નહિલ CIPEF લિમિટેડ દ્વારા ૧૭,૪૦૫,૫૫૯ ઈક્વિટી શૅર, કેર્નહિલ CGPE લિમિટેડ દ્વારા ૨,૬૨૩,૮૬૩ ઈક્વિટી શૅર, બેઈગે લિમિટેડ દ્વારા ૯,૯૬૪,૭૧૧ ઈક્વિટી શૅર તથા લિંક ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા ૫૦,૦૦૦ ઈક્વિટી શૅર (સામૂહિક રીતે ઈન્વેસ્ટર સેલિંગ શૅરધારકો તથા બધા સાથે મળીને પ્રમોટર સેલિંગ શૅરધારકો, સેલિંગ શૅરધારકો) વેચાણ માટે ઑફર કરવામાં આવ્યા છે.

આ ઑફર જામીનગીરી કોન્ટ્રેક્ટ (નિયમન) નિયમો, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી) ની શરતો, જેનો સુધારો (“SCRR”) કરવામાં આવ્યો છે, સાથે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (ઈસ્યુ ઑફ કૅપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮, જે (“SEBI ICDR રેગ્યુલેશન્સ,”) તરીકે સુધારેલા છે તેના હેઠળ કરવામાં આવી રહી છે. ઑફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમ ૬(૧) અનુસાર બૂક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જ્યાં પ્રમાણસરતાના આધારે ક્યુઆઈબીને (“QIB Portion”) ઑફરના ૫૦% કરતાં વધુ ઉપલબ્ધ નથી, સિવાય કે કંપની તથા સેલિંગ શૅરધારકો મ્ઈન્સ સાથે મસલત કરીને ક્યુઆઈબી પોર્શનના ૬૦% સુધી એંકર રોકાણકારોને ફાળવે અને આવી ફાળવણીનો આધાર સંપૂર્ણપણે કંપની તથા સેલિંગ શૅરધારકો ઉપર રહેશે જેઓ BRLM સાથે મસલત કરીને, સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ (“Anchor Investor Portion”) અનુસાર, જેનો એક તૃતિયાંશ ભાગ ડોમેસ્ટિક મ્યુચ્યુઅલ ફંડો માટે અનામત રાખવામાં આવશે.

# અરવલ્લીમાં ફટાકડાના ગોડાઉનમા આગ લાગી

## મોડાસા-રાજેન્દ્રનગર હાઇવે પર આવેલ ગોડાઉનમા આગ : આગમાં ૪ શ્રમિકો ભૂંજાયા, પાંચનું સલામત રેસ્ક્યૂ કરાયું

અરવલ્લી, તા.૨૦

અરવલ્લીના મોડાસામાં



ફટાકડાના ગોડાઉનમાં આગને કારણે મોટી દુર્ઘટના સામે આવી છે. જેમાં આગની ઝપેટમાં આવેલા ૪ શ્રમિકોના કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યાનું સામે આવતા અરેરાટી મચી જવા પામી છે. આ દુર્ઘટનામાં લલિત, અજય, રામભાઈ, સાજન નામના શ્રમિકોના મૃત્યુ નિપજયા છે. આ ઉપરાંત આગને કારણે ૨ વાહનો પણ બળીને ખાક થયા છે તો દુર્ઘટનામાં કરોડોનું નુકસાન થયુ હોવાની પણ આશંકા વ્યાકત કરાઈ રહી છે. ઉપરાંત અંદર ફસાયેલા ૫ લોકોને સલામત બહાર કઢાયા છે. આગને લઈને ગાંધીનગર અને હિંમતનગરથી ફાયર ફાઈટર બોલાવાયા છે. હાલ મોડાસાણાની ફાયર બ્રિગેડની ૩ ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ છે. વેલ્ડિંગના કારણે આગ લાગ્યાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે.લોકોના ટોળાને દૂર કરવા પોલીસ કાફલો ઉતારાયો છે.મોડાસા-રાજેન્દ્રનગર હાઈવે પર આવેલા ગોડાઉનમાં આગ લાગી હતી.

### બેઠક વ્યવસ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તા ૨૩મી એપ્રિલના રોજ યોજાનારી ટેટ ૨ પરીક્ષા બપોરે ૩ થી ૫ નો રાખવામાં આવ્યો છે સ્ટ્રોંગરૂમ પરથી પરીક્ષાનું સાહિત્ય દરેક કેન્દ્ર પર પહોંચાડવાની જવાબદારી સરકારી પ્રતિનિધિઓને સોંપવામાં આવી છે આ માટે ૧૦૦ પ્રતિનિધિઓની પણ જવાબદારી સોંપવામાં આવી છે જયારે પરીક્ષાના સાહિત્યના પરિવહન વેળાએ હથિયારધારી પોલીસ બંદોબસ્ત પણ ફરજ પર રહેશે જયારે પરીક્ષા પૂર્ણ થયા બાદ સીસી ટીવીના ફૂટેજની ચકાસણી પણ કરવામાં આવશે આ તમામ પરીક્ષા કેન્દ્રો પર પણ મહિલા સહિત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. તંત્ર દ્વારા વીજ કંપનીઓને અવિરત વીજ પુરવઠો રાખવા તેમજ કેન્દ્ર સંચાલકોને પીવાના પાણી અને પ્રાથમિક તબીબી સેવા પણ જળવાઈ રહે તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે

### સંબોધન કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર બન્યા બાદ વડાપ્રધાન એન્થોની પ્રથમ વખત ભારતની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે આ પ્રવાસ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં મદદ કરશે.

તે જ સમયે, પીએમ મોદીએ ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાનની આ મુલાકાત વિશે કહ્યું હતું કે અમે પરસ્પર સહયોગના ઘણા પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી. આ સાથે, છેલ્લા કેટલાક વર્ષોમાં સંરક્ષણ ક્ષેત્રે કરાર કરવામાં આવ્યા છે, જેમાં બંને દેશોની સેનાઓ માટે લોજિસ્ટિક સપોર્ટનો પણ સમાવેશ થાય છે. પીએમએ કહ્યું કે ભારત-ઑસ્ટ્રેલિયા સ્વચ્છ હાઈડ્રોજન અને સોલાર ક્ષેત્રે પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ઑસ્ટ્રેલિયા બંને ક્વોડના સભ્ય છે. મને ક્વોડ લીડર્સ સમિટ માટે ઑસ્ટ્રેલિયામાં આમંત્રણ આપવામાં આવ્યું છે, જેના માટે હું ઑસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનિસનો આભાર માનું છું. પીએમએ કહ્યું, મેં એન્થોનીને સપ્ટેમ્બર મહિનામાં જી૨૦ સમિટ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું છે.